# આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર દ્વારાં મુખ્ય શિયાળું પાકોની પ્રાકૃતિક ખેતી પદ્ધતિ વિષય ઉપર કેન્દ્રિય તાલીમ વર્ગો યોજાયા

માન. કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરિયા સાહેબના માર્ગદર્શન હેઠળ આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવગઢ બારીયા દ્વારા આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર યોજના અંતર્ગત **મુખ્ય શિયાળું પાકોની પ્રાકૃતિક ખેતી પદ્ધતિ** વિષય ઉપર તા. **૧૯/૧૧/૨૦૨૪ થી ૨૭/૧૧/૨૦૨૪** દરમ્યાન કુલ બે તાલીમ વર્ગ યોજાયા.

આ તાલીમ વર્ગમાં કાર્યક્રમની રૂપરેખા મુજબ કેન્દ્રના વડા **ડૉ. વાય. બી. ચૌહાણ** દ્વારા કેન્દ્ર હસ્તક ચાલતી વિવિધ વિસ્તરણ અને સંશોધન પ્રવૃત્તિઓ તેમજ શિયાળું પાકોની પ્રાકૃતિક ખેતી અંતર્ગત રોગ-જીવાત નિયંત્રણ વિશે વિસ્તૃતમાં ચર્ચા કરી, **ડૉ. સી. જે. પટેલ** દ્વારા મુખ્ય શિયાળું પાકોની પ્રાકૃતિક ખેતી પદ્ધતિ, **શ્રી. સંદીપ રાઠોડ** દ્વારા શિયાળું પાકોની પ્રાકૃતિક ખેતી અંતર્ગત ખાતર અને નીંદણ વ્યવસ્થાપન, **ડૉ. એચ. એન. ચૌધરી** દ્વારા શિયાળું પાકોની નવીન જાતોની સમજણ **અને ડૉ. એચ. કે. દેસાઇ** દ્વારા પ્રાકૃતિક ખાતર બનાવવાંની પદ્ધતિ અને તેનું શિયાળું પાકોની ખેતીમાં કાર્યક્ષમ ઉપયોગ જેવા જુદાં જુદાં વિષયો ઉપર ખેડુતોને માર્ગદર્શન આપવામાં આવ્યુ . વધુમાં તાલીમવર્ગો દરમ્યાન કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મુવાલિયા ફાર્મ, દાહોદ ખાતે પ્રેરણા પ્રવાસ અંતર્ગત પ્રાકૃતિક કૃષિના વિવિધ આયામો પ્રત્યક્ષ નિદર્શન પણ બતાવવામાં આવ્યાં હતા. આ તાલીમ વર્ગોમાં દેવગઢ બારીઆ તાલુકાનાં ગુણા ગામની ૪૨ અને લીમખેડા તાલુકાના માંન્લી ગામની ૪૫ ખેડૂત મહિલાઓએ  તાલીમ વર્ગમાં ઉત્સાહભેર ભાગ લિધો હતો. આ સમગ્ર તાલીમ પ્રોગ્રામનું સંકલન **ડૉ.એચ.કે.દેસાઇ** દ્વારા કરવામાં આવેલ.


TRIBAL RESEARCH CUM TRAINING CENTRE
TRIBAL FARM WOMEN TRAINING CENTRE
ANAND AGRICULTURAL UNIVERSITY


આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી


પ્રાકૃતિક કૃષિ મોડેલ


कृषि विज्ञान केन्द्र, दाहोद
AAU

આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી